

ડરે સમાજ ગુનાઇતોથી સમસ્યાથી ભાગે છે,
સમસમી જાય ન્યાય, કડક કાયદા માગે છે
તાગે 'મત-વિસ્તાર' લાગે બીક કડક થવાની -
કોઇ સંકોરે સંવેદના તો જ વેદના જાગે છે

શરૂ થઇ ગૈ
ખેલ, મહાકુંભની -
ચોખી ઇનીંગ

દુષ્કર્મો વડે
દબાઇ જતી ચીખ -
ને મળી વાચા..

ચિંતન

મહાન્તમપ્યર્થમ્ ધર્મયુક્તં યઃ સન્ત્યજત્યન પા કૃષ્ટ એવ ।
સુખંસુદુઃકા ન્યવમુચ્ય શેતે જીર્ણા તાચં સર્વ ઇવાવમુચ્ય ॥

વિદુરનીતિ પ્રમાણે અન્યાયથી પ્રાપ્ત કરેલ ધનનો ત્યાગ કરી દેવાથી જ સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે :

'અધર્મ-અન્યાય-છળકપટ-કૌભાંડો અને ખાયકીથી કમાયેલું-એકઠું કરેલું ધન મેળવીને, સાચી સમજ પ્રાપ્ત થયા પછી તેનો ત્યાગ કરી દે છે (દાન-પુણ્ય કે જરૂરિયાતમંદની સહાય કરીને) છોડી દે, તેનામાં બંધાયેલાં-આ-કૃષ્ટ રહેતો નથી અને તેનાથી મુક્ત થઇ જાય છે, તે પુરૂષ જેમ સાપ પોતાની જૂની ચામડી પ્રયત્નપૂર્વક - કાંચળીનો ત્યાગ કરે છે તે રીતે તેનો ત્યાગ કરીને, ભય-ચિંતાથી મુક્ત થઇ સુખપૂર્વકની નિંદ્રાને પ્રાપ્ત કરે છે.'

આજકાલ પ્રધાનશ્રીઓ, સચિવશ્રીઓ, અધિકારીઓ, બિલ્ડરોને આવક કરતાં વધારે ધન એકત્ર કરવા માટે, કાળા નાણાં મેળવી, પ્લોટ-ફાર્મ-બંગલા અને પેલી બંગલાવાળી ગાડીઓમાં મ્હાલે છે. પછી ઇન્કમટેક્ષના દરોડા પડે, કે પડયાની ચિંતામાં રાત્રે સુખની નિંદ્રા લઇ શકતા નથી. ખાઇ-પી શકતા નથી. પચે તો ક્યાંથી? રોગનો ભોગ થાય છે, આમ છતાં છળકપટથી લાંચ-રૂશ્વત એકના બમણાં, ખોટા સોનાના બિસ્કીટ બનાવી, ધન એકત્ર કર્યાં જ કરે છે.

બે રોટલીને દાળ માટે આટલી ઉપાધિ શા માટે? સુખ-શાંતિની નિંદ્રા માટે આવા ધનનો (જો એકત્ર કર્યું હોય તો) હજુય ત્યાગ કરી નિરાંતની નિંદ્રા લ્યો!!

સુવિચાર

- માણસનાં 'કર્મ' જ 'સ્પૃશ્ય' કે 'અસ્પૃશ્ય' હોય છે, માણસ નહીં- **શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય**
- પરિણામને કયારેય ઉપાય માનવાની ભૂલ કરશો નહીં - **શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય**
- જ્યાં સુધી અંતરમાં રહેલી ગ્લાનિમાંથી મન છૂટે નહીં, ભાર હલકો થાય નહીં, ત્યાં સુધી મન માંદલુ જ રહેવાનું - **શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય**
- માણસના મનની ચંચળતાનો કદી અંત આવતો નથી - **શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય**
- આંખમાં ઉપસી આવતો ભાવ કેવળ માણસ નહીં જાનવર પણ પારખી શકે - **શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય**
- શંકા રાખી બરબાદ થવા કરતાં, વિશ્વાસ રાખી લૂંટાઇ જવું સારૂં- **શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય**
- કૂતરાની પૂંછડી પેઠે માણસનો સ્વભાવ કદી બદલાતો નથી - **શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય**

બોધ કથા

આજકાલ મમ્મીઓને ફરિયાદ હોય છે કે બાળક ખાતું નથી, પરાણે ખવડાવવું પડે! આ ભાવે આ ન ભાવે, આવું થયું છે, તેવું થયું છે વગેરે. એના પાયામાં એમનું 'પેટ' છે. ભૂખ હોય ન હોય, પેટમાં ગરબડ-બર્ગર-પીઝા વર્ષોથી કબજો જમાવી બેઠાં હોય, કસરત કરે છે કયાં? વીડિયો ગેમ-મોબાઇલ ગેમ-ટીવી કાર્ટૂન એમનાં પેટ સંકોચી નાખ્યાં છે. અઠવાડિયે એક અપવાસ ને 'ફાકી'નો જુલાબથી ગટર સાફ કરાવો, જાતે ખાવાનું માગશે અને જેવું હશે તેવું, પૂ. કાકાને યાદ કરી ખાઇ લેશે!

રાજસ્થાનના ટોડરમલ નામના એક જૈન સાહિત્યકાર થઇ ગયા. (અકબરના 'નવરત્ન' પૈકીના એ નહીં જુદા) એ ટોડરમલ 'મોક્ષમાર્ગ પ્રકાશક' નામનો ચિંતનનો આધ્યાત્મિક ગ્રંથ લખતા હતા. સાચા સાહિત્યકાર લેખનમાં એવા ઓતપ્રોત થઇ જાય કે ચોવીસ કલાક એના જ વિચારમાં જ અટવાઇ જાય. ખાવા-પીવા-ઉંઘવાનું પણ ગૌણ થઇ જાય.. એવો એ અદ્‌ભૂત ગ્રંથનું લેખન એક દિવસ પૂર્ણ થયું એનો આનંદ પણ એમના ચહેરા પર વર્તાતો હતો.

એ દિવસે બપોરે જમવા બેઠા; અને તરત બોલી ઊઠ્યાં. 'મા, આજે તું રસોઇમાં મીઠું નાખવાનું સાવ ભૂલી જ ગયો છો!'

મા એ મલકાઇને પૂછ્યું, દીકરા, આજે તારો ગ્રંથ લખવાનું કામ પુરૂં થઇ ગયું લાગે છે! પુત્રએ પૂછ્યું, 'તને કેમ ખબર પડી?!'

માએ કહ્યું, તારી ચામડી પર ચાઠાં જોઇ વૈદરાજે મને તને મીઠું આપવાની ના પાડી હતી. છ મહિનાથી તું મીઠા વગરનું જ ભોજન ખાય છે, આજે તને નિરાંત થઇ, એટલે તને સ્વાદની ખબર પડી! તું જમતાં જમતાં પણ ગ્રંથના વિચારમાં જ ખોવાયેલો રહેતો.'

અબજથી વધુ વસ્તી ધરાવતાં આ દેશમાં બનતી ઘટનાઓને આ રીતે પ્રગટ કરી આ મીડિયાકર્મીઓ શું સાબિત કરવા માંગે છે, આ દેશમાંથી સંસ્કાર, સંસ્કૃતિ, સમાજ વ્યવસ્થા, માનવનું માનવીપણું, બધાનો હાસ થઇ ગયો છે

નવાં ક્લેવર
- નટવર હેડાઉ

સ્ત્રી એક એવું અસ્તિત્વ છે. સમાજ જેને સ્વયં શોભાવવા માટે કોઇ પણ આભૂષણનું રૂપ આપી દે છે. આ એવું અસ્તિત્વ છે જે જીવનને જન્મ આપે છે. સૃષ્ટિનો ક્રમ વિસ્તારે છે. તેના પર પુરૂષો પોતાની જરૂરીયાત મુજબ કોઇ પણ હિસાબે કોઇ પણ સંબંધનું લેબલ લગાવી દે છે. ઘરથી બજાર સુધી, બજાર જવાં બધા સંબંધો માત્ર પૈસા ખાતર બદલતા રહે છે.

બજાર પહેલાં આદાન-પ્રદાન માટે હતા. મારી પાસે જે નથી તે હું લઉં. અને મારી પાસે જે વધારે છે તે તેને આપી દઉં. પણ હવે બજારનું સ્વરૂપ બદલાઇ ગયું છે. મીઠું બોલવું અને શિકાર કરવો. બજાર જાણે કે કસાઇવાડા જેવાં બની ગયાં છે. જ્યાં જે સમર્થ છે તે ઠગાઇ કરીને લૂંટીને બીજાને મારઝૂડ કરીને ટૂકડે ટૂકડે વેચીને પોતાની તૃષ્ણા પુરી કરે છે. આ બધું માત્ર બજારમાં થતું હોય તો ઠીક છે. આ બજારવાદ ધીમે પગલે કોઇ ચતુર શિકારીની જેમ ઘરમાં, વ્યક્તિગત વિચારસરણીમાં, સંબંધોમાં ઘુસી ગયો છે. અને સ્ત્રી, તે સંવેદનશીલ છે. તેથી ગમે તે નામે એ શિકાર થાય છે. તેના અસ્તિત્વને કોઇ પણ રીતે છેતરવાની, લૂંટવાની, તેના ચીંથરે હાલ કરવાની, તેના પર અનેક રીતે અત્યાચારો કરવાની ઘટનાઓ રોજબરોજ અખબારોમાં છપાતી રહે છે. સ્ત્રીને ક્યારે ઘરમાંથી બજારમાં પહોંચાડી દેવામાં આવે અથવા તો તેને કોઇ બજારી વસ્તુની જેમ ઘરમાં જ ખરીદવામાં આવે તે વાત કોઇ નવી નથી.

પરંતુ આજની ઘટનાએ તો રાજેશ માટે વિસ્મયની પરિસ્થિતિ ઉભી કરી દીધી હતી. એક વેશ્યાની દીકરીનું અપહરણ, માણસ કેટલો પશુ થઇ ગયો છે. માંસાહારી ગમે તેનું માંસ તે ખાઇ જશે. છ-સાત વર્ષની બાળકી સ્કૂલમાં ભણતી હતી. છૂટીને એ ઘરે ન પહોંચી. રાજેશને એ બાળકીના ચૂંથાયેલાં વર્તમાન અંગે કંઇ કલ્પના આવે તે પહેલાં તેનું ધ્યાન ભંગ થયું.

''અરે! ન્હાઇને આવી ગાય, લ્યો નાસ્તો તૈયાર છે.''

''શું વિચારતા હતા?''

''કંઇ નહીં પણ તેની અંદર એવું કંઇક હતું જે જાહેર થઇ રહ્યું હતું.''

''કંઇક તો છે, જેના કારણે હું આવી તેની પણ તમને ખબર ન પડી. બોલો શું વાત છે?''

તેણે છાપામાં આવેલા સમાચાર સામે આંગળી ચીંધી છાપું તેની સામે ધર્યું. ''સ્કૂલથી પાછા ફરતાં સુષ્મા નામની વેશ્યાની દીકરીનું અપહરણ થઇ ગયું.''

તો, એમાં શું નવી વાત છે? આજકાલ બાળકોના અપહરણ તો રોજિંદી ઘટના બની ગઇ છે. સારા સારા ઘરનાં બાળકો ગુમ થઇ જાય છે. તેમાં આ તો વેશ્યાની છોકરી છે. અહીંથી ઉઠાવીને બીજે બેસાડી દેશે. તેણે ભણવાની શું જરૂર છે. ભણીગણીને પણ વેશ્યા જ બનવાની, તેને કોઇ આબરૂદાર ઘરનો દીકરો પરણવાનો તો છે નહીં.

તું કેવી વાત કરે છે. તને તેના પ્રત્યે દયા નથી. વળી સમાજે ભણવાનો અધિકાર તો દરેકને આપ્યો છે. તેણે પોતાની દીકરીને ભણવા મૂકી તેમાં શું ગુન્હો કર્યો? એ નો એ જ ગુનો છે કે તે વેશ્યા છે?

''બેવકુફ, અક્કલ વગરની એ સ્ત્રી પોતે જો બજારમાં બેઠી છે તો છોકરીને શું કામ ભણાવવી પડે?''

પોતે જે બની શકી નથી. સ્ત્રી, તે તેને બનતાં જોવા માંગતી હશે. મિ. રાજેશ તમે છાપામાં શું વાંચો છો. હું તમને કહું સુષ્મા બી.એ.પાસ હતી. એક પટેલ પરિવારની દીકરી. બે મોટાભાઇઓની એ બહેન હતી. આજે વધતી જતી મોંઘવારીએ તેને નોકરી કરવા મજબૂર કરી. તેને નોકરી તો ન મળી પણ તેને તમારા જેવી મોટી કંપનીના માલિકે એવી જગ્યાએ પહોંચાડી દીધી કે ત્યાંથી પાછા ફરવું મુશ્કેલ હતું. એ માણસે તેને નોકરી નહીં પણ દેહ વ્યાપારમાં ધકેલી દીધી.

''તો મરી જાય, અથવા પોલીસને જાણ કરે. પોલીસ કંઇક તો કરત ને?''

મરી જાત, પણ મરવાનું કંઇ એમ આસાન છે? તમને એમ લાગે કે થોડું ઝેર ખાઇ લેવાથી માણસ મરી જાય. ના, જે જિંદગી બાકી હોય તેને ભગવાન પણ પોતાની પાસે બોલાવતો નથી. પ્રેત બનીને જીવવું પડે છે. એ તો બિચારી મરવા જ ગઇ હતી. પણ અબળા સ્ત્રીઓના ઉધ્ધારક પુરૂષો પણ આ દુનિયામાં કંઇ ઓછા નથી. તેને પોતાની બહેન-દીકરી કહીને બેભાન હાલતમાં લઇ ગયા અને વેચી દીધી. હવે રહી વાત પોલીસની તો તેણે પણ તેનો રિપોર્ટ લખ્યો ખરો પણ એ એ કાગળ પર નહીં તેના જિસ્મ પર. કેવા લોકો છે, એક છોકરી ને જોઇને તેમની આંખો એ રીતે લલચાય છે કે જાણે એ છોકરી નહીં કોઇ સ્વાદિષ્ટ મીઠાઇ હોય. મને આવા સમાજ શબ્દથી ધૃણા થઇ ગઇ છે. જે પોતે ખોટો હોવા છતાં સ્ત્રી પર દોષારોપણ કરે છે. કારણ કે તેમને ખબર છે કે સ્ત્રી આસાનીથી વિદ્રોહ નહીં કરે.

એટલે તો એવું કહે છે કે સ્ત્રીની બુધ્ધિ પાનીએ. કારણ કે ઇશ્વરે બધી બુધ્ધિ તો પુરૂષોને જ આપી છે. કેમ કે, અક્કલની જરૂર તો ફક્ત પુરૂષોને જ હોય છે. જે પોતાની 'એક્ટીવીટી'ને છુપાવી શકે. તેમાં પાછળથી તો પુરૂષે કંઇ છુપાવવાની જરૂર જ નથી. કારણ કે રહી વાત સ્ત્રીની તો જે નહીં છુપાવે તો એ પોતે જ ચારિત્ર્યહિન કહેવાશે, તેને ભગવાને શરીર આપીને ધરતી પર મોકળી છે તો... ફક્ત બાળકો પેદા કરવા. જેને અક્કલની નહીં પણ એક ખૂબસુરત શક્લ અને શરીરની જરૂર છે. જેથી તે પોતાનું નહીં પુરૂષનું ઘર ચલાવી શકે. અથવા રાતનાં અંધકારમાં તેના હાથનું રમકડું બની શકે. રાતે કંઇ જુદું, દિવસે કંઇક જુદું. તે પુરૂષ લગ્ન તો સીતા સાથે કરશે પણ ખુદ રામ બની શકે નહીં. પરંતુ પત્ની સતી સાવિત્રી હોવી જોઇએ. પોતાને આગળ વધવા માટે સાવિત્રી તેના દેહને અભડાવી શકે. નપુંસક પુરૂષ. રાજેશને એવા પૌરૂષહીન પુરૂષો બાબતે અનેક વિચારો આવ્યા. તુલસીદાસજી એ પણ નારીને પ્રતાડનાનો અધિકાર છે એમ કહ્યું છે. શા માટે? જો સ્ત્રી નીચી પડે તો છે તો તેનું કારણ પણ પુરૂષો જ હોય છે. જો તેનો રક્ષક જ આખેટક છે તો રખવાળું કોણ કરશે?

''ચાલો જવા દો, સવાર સવારમાં આ ચર્ચા કયાં શરૂ કરી દીધી. આ નો તો કોઇ અંત જ નથી. જેના નસીબમાં જે હોય તે મળે છે. તો પછી આ ઘટનાથી આટલા બધા વિચલિત શું કામ થઇ જાવ છો. રીમા તું પણ બહુ લાગણીશીલ થઇ જાય છે. જે સત્ય છે તેને તો આપણે ખોટું ઠરાવી નહીં શકીએ, વળી તેણે તો અત્યાર સુધીમાં રિપોર્ટ પણ લખાવ્યો હશે. એક બે દિવસમાં તેની બાળકી તેની પાસે પહોંચી જશે.''

''પોલીસ રિપોર્ટ હાં... તેણે એક ઊંડો શ્વાસ લીધો. છતાં મનમાં વિચારો સાથે શબ્દો ગુંચવાતા રહ્યાં.'' તે કોઇકની હતી... હશે. કોઇ નેતા કે તેના અય્યાસ દીકરાની, કે પછી કોઇ કંપનીના માલિકની... જે તેને સમાજની સામે તો શું પાછળથી પણ પોતાની નહીં રહે. કારણ કે તેને માટે તો એ એક આનંદ પ્રમોદ હતો. એટલે સુધી એ બરાબર છે. ખે! હવે જવા દો. મેં તમને આવી વાતોમાં ગૂંચવી નાંખ્યા તેમાં દસ વાગી ગયા. તમારે ઑફિસ જવાનું છે ને?

''હાં જઉં છું. તું નક્કામી દુઃખી થઇ રહી છે. તને આમ દુઃખી છોડીને હું કઇ રીતે જાઉં. આ તો દુનિયા છે. તેમાં રોજ આવી અનેક ઘટનાઓ બને છે. અખબારો અને ટી.વી. ચેનલોનું કામ તેને છાપીને કે પ્રસારિત કરીને લોકો સુધી પહોંચાડવાનું છે. પણ તેમાં ઘણી વખત ખૂબ અતિરેક થતો હોય તેમ લાગે છે. છેલ્લા આઠ-દસ દિવસના અખબારોના અહેવાલો અને ટી.વી. ચેનલો પર પ્રસારીત થતા બળાત્કારના સમાચારો જોતાં આખો દેશ જાણે કે બધાં કામકાજ મુકી બળાત્કારીઓનો બની ગયો હોય તેવું લાગે. પણ અબજથી વધુ વસ્તી ધરાવતાં આ દેશમાં બનતી ઘટનાઓને આ રીતે પ્રગટ કરી આ મીડિયાકર્મીઓ શું સાબિત કરવા માંગે છે. આ દેશમાંથી સંસ્કાર, સંસ્કૃતિ, સમાજ વ્યવસ્થા, માનવનું માનવીપણું, બધાનો હાસ થઇ ગયો છે. ના... ના... રીમા એવું નથી. હું પણ આવું બધું વિચારૂં છું ત્યારે મારૂં માથું ફરે છે.''

''તમે એવું વિચારો છો તે સાચું છે. પણ હવે તમારે મોડું થશે.'' એમ તેણે કહ્યું ત્યાં બારણાંની ડોરબેલ વાગી. તેણે બારણું ખોલ્યું તો સામે એક છોકરી ઊભી હતી. તે તેમને જોઇને ચોંકી ગઇ.

''તમે?''

''હું મીસીસ વ્યાસ.''

''એટલે કે રાજેશ વ્યાસની પત્ની.''

''આવો, તે અંદર આવી. પ્લાસ્ટીકની ખુરશી તેની તરફ સરકાવી એ બીજી ખુરશી પર બેસી ગઇ.'' ''તમે?''

''હું કુંપળ દવે. રાજેશે તો મને કહેલું કે હું અવિવાહિત છું. હું તને નોકરી અપાવી દઇશ. પછી તારી સાથે લગ્ન કરી લઇશ. ત્રણ મહીના થઇ ગયા. તે મને કોઇને કોઇ બહાને રોજ પાંચ વાગ્યા પછી પોતાની ઓફિસમાં બોલાવતા હતા. હું માં બનવાની છું.''

''શું? રીમાના પગ નીચેથી જાણે કે જમીન સરકી ગઇ હોય તેમ લાગ્યું. તેણે પાછા ફરીને જોયું રાજેશ ગભરાઇ ગયો હતો.''

''ના - રીમા, એ જુદી છે. ખબર નહીં શું નું શું બોલી રહી છે.''

''હાં, કદાચ એ જૂઠ્ઠું બોલતી હશે. એમ જ હોવું જોઇએ. તો પછી એ અહીં શું કામ આવી? તમે પુરૂષો લફરાં કરવામાં પાછા પડતા નથી. તમે તેને સ્વીકારી પણ શકતા નથી. સ્ત્રીને બુધ્ધિ વગરની સાબિત કરી દો છો. તમે પણ એજ કર્યું. ફરી એકવાર કહી દો કે સ્ત્રીઓમાં બુધ્ધિ જ નથી હોતી. હોય પણ કઇ રીતે તમારા જેવા ગીધ્ધ દૃષ્ટિના લોકો તેની અક્કલ હરી લે છે, ખીજના કારણે રીમાનો ચહેરો લાલઘૂમ થઇ ગયો.''

''ભગવાન તમને હરપળ એક નવી સ્ત્રીનો સાથ સંગાથ આપે જેમાંથી તમારો છૂટકારો થાય જ નહીં.'' કહેતાં તે ગુસ્સામાં ઘરની બહાર નીકળઇ ગઇ. ''હું તમને સ્વતંત્ર કરૂં છું. તમારૂં ધાર્યું કરો. તમે અવિવાહિત છો.''

તે એકદમ ગભરાઇ ગયો હતો? જરા બુધ્ધિથી કામ લે.'

સ્ત્રીઓને વળી અક્કલ હોય છે જ કયાં? એવું તો તમે કહો જ છો. હું તમને છોડી દઉં છું. હવે તમે કુંપળની સાથે પ્રેમના ફાગ રમો. તે આવેશમાં ઘર છોડીને જઇ રહી હતી. રાજેશે પાછા ફરીને જોયું તો કુંપળ પણ તેની પાછળ પાછળ જઇ રહી હતી. રાજેશ મતિભ્રમની જેમ બારણામાં ઊભો બંનેને જોઇ રહ્યો.

- vanvihari@gmail.com

વૅલકમ ૨૦૧૩..!! દર વર્ષે કરાય એવાં ટૉપ ૨૦ વિશ્વ પ્રસિધ્ધ સંકલ્પ..!!

દૃઢ નિશ્ચયથી કરેલો એક સંકલ્પ એટલે જીવનમાં સફળતાનાં દરવાજા પર લાગેલા તાળાને ખોલવા માટેની માસ્ટક કી!!

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

વિતેલાં વર્ષ ૨૦૧૨ને બાય બાય કરવાનો સમય આવી ગયો એટલે જૂના વર્ષનો હિસાબ સરભર કરી નવાં વર્ષ ૨૦૧૩ ને વૅલકમ કરવા અને નવા વર્ષનાં નવાં સંકલ્પો કરવાની ઘડી આવી પહોંચી છે. દુકાનદારો દિવાળીમાં ચોપડાં પૂજન કરે, કંપનીઓ - સરકારી કચેરીઓ હિસાબી વર્ષનાં હિસાબો બેલેન્સ સેટ કરે એમ જિંદગીમાં કંઇક નવું, પાછલા વર્ષમાં ઘુટી ગયેલું અને નવા વર્ષમાં કરવા જેવુંની યાદી મોટા ભાગનાં સૌ કરતાં હોય છે!!

૩૧મી ડિસેમ્બરે જલ્સાવાળી પાર્ટી અને ન્યૂયર વૅલકમની સાથે જ નવાં વર્ષમાં નવો સંકલ્પ કરવાનાં અને એને ફૅસબુક પર અપલૉડ કરવાનાંય હોય છે... ઘણાં બધાં આવાં સંકલ્પ માત્ર સ્ટાઇલ મારવા કરે છે તો ઘણાં ખરેખર સંકલ્પને પાર પાડવા મનઃપૂર્વક પ્રયત્ન કરે છે... કેટલાંક ઉત્સાહી પાછા બાધા રાખે માતાજી તારા મંદિરે આવીને ગુટખા પડીકી બંધ, બસ પછી મંદિરે પહોંચે ખિલ્લામાંની પડીકીઓ કાઢી ત્યાં ફેંકી દે અને મંદિરમાંથી બહાર આવી ગલ્લે ફરી પડીકી ખરીદે અને જવાબ કેવો આપે કે પડીકી મંદિરમાં છોડેલી બહાર આવીને તો ખવાય જ ને? આવાં સંકલ્પ મહેરબાની કરીને કરતાં નહીં!!

જેમ ૩૧મી ડિસેમ્બર દર વર્ષે આવે છે એમ જ મોટા ભાગનાં સંકલ્પ પણ દર વર્ષે એના એ જ થાય છે. એટલે પેલા વૃક્ષારોપણના કાર્યક્રમોમાં થાય છે એમ એ જ ખાડો ફક્ત વૃક્ષારોપણ કરનારો વ્યક્તિ બદલાય અને છાપામાં ફોટો છપાય... પેલું વૃક્ષ ઉછેરાય, પાણી પીવડાવાય મોટું થાય તો નવો ખાડો ખોદવાનો થાય ને? એમ જ દર વર્ષે એ જ એનાં એ જ સંકલ્પ કરવાં પડે છે કારણ પાછલાં વર્ષે પૂરાં કર્યાં હોય તો આ વખતે નવાં કરવાનાં થાય ને? દર વર્ષે એનાં એ જ સંકલ્પ કરવાનાંની સંખ્યા આશ્ચર્ય ચકિત થવાય એટલી વધેલી હોય છે, અને સૌથી મજાની વાત એ છે કે મોટા ભાગનાં એવાં લોકોના ટૉપ ૨૦ સંકલ્પ લગભગ મૅચ કરતાં આવે છે!!

નવાં વર્ષનાં સ્વાગત માટે આવાં સંકલ્પ કરવાં સારી બાબત છે અને પરિપૂર્ણ કરનારી વ્યક્તિને એનો ફાયદો થતો જ હોય છે. અને છતાંય આવાં સંકલ્પ કેમેય કરી જલ્દી પૂરાં થતાં નથી એ પણ એક કટુ સત્ય છે. અને આ મારા-તમારાં કે ભારતનાં લોકોની માત્ર વાત નથી પણ દુનિયા આખીના લોકો આવું આળસ ભર્યું જ વર્તન કરતાં જોવા મળે છે. વિશ્વભરમાં જાન્યુઆરી મહિનામાં કસરત માટે જીમમાં લોકો ઉત્સાહથી ફી ભરી આવે છે, અને એક-બે અઠવાડિયામાં જીમમાં જવાનું છોડી દે છે તે છેક નવાં વર્ષે જ ફરી દેખા દે છે!!

ઘણાં એવાંય કૃતનિશ્ચયી છે કે એકાદો સંકલ્પ કરે એટલે એને વળગી જ રહે અને નવા વર્ષમાં એ વ્યક્તિ સફળતાપૂર્વક એકાદા સંકલ્પને સાર્થક કરે જ, આવાં બહાદુરો વિચારાં હંમેશાં લઘુમતિમાં હોય છે, કારણ જેમનો સંકલ્પ પત્યો એ આ લીસ્ટમાંથી બાદ થતાં નવાં વર્ષમાં પેલા એટીકેટી વાળાં અને નવાં જ આવે છે એટલે આ લોકોનું પરિણામ પેલી સી.એ. કે આઇ.આઇ.ટી. જેવું અત્યંત ઓછું જ આવે છે... સંકલ્પ પાળનારાં કે ટાળનારા... વિશ્વના સૌથી વધુ લોકપ્રિય ટૉપ ૨૦ સંકલ્પ તો એનાં એજ રહે છે... આવો જરાં નજર મારીએ...

(૧) વજન ઓછું કરીશ.

(૨) ખર્ચા ઓછા કરી બચત વધારીશ.

(૩) પરિવાર સાથે વધુ સમય ગાળીશ.

(૪) એકાદી નવી વસ્તુ શીખીશ.

(૫) જિંદગી ટેન્શન વગર મસ્તીથી જીવીશ.

(૬) કામનું અને જિંદગીનું વ્યવસ્થિત આયોજન કરીએ પ્રમાણે જીવીશ.



(૭) વ્યસન છોડીશ.

(૮) સમાજ માટે કંઇક કામ કરીશ.

(૯) રોજ વ્યાયામ કરીશ/ ચાલવા જઇશ.

(૧૦) આનાથી વધુ પગારની નોકરી શોધીશ.

(૧૧) નવું ઘર કે ફ્લૅટ લઇશ/ નવી કાર લઇશ.

(૧૨) એકાદી રમણીય જગ્યાનો પ્રવાસ કરીશ.

(૧૩) ટી.વી. અને ઇન્ટરનેટના વપરાશનો સમય ઘટાડીશ.

(૧૪) લગ્ન કરીશ.

(૧૫) પર્યાવરણને પ્રેમ કરી વૃક્ષ વાવો-બચાવોમાં મદદરૂપ થઇશ.

(૧૬) રોજ ૨૦ પાના વાંચન કરીશ - મનગમતી બૂક્સ વાંચીશ.

(૧૭) ફાસ્ટ ફૂડ અને બહારનું ખાવાનું ઘટાડીશ.

(૧૮) જૂના મિત્રો સાથે ફ્રેન્ડશિપ ડે મનાવીશ.

(૧૯) રાષ્ટ્રીય સંપત્તિ વિજળી - પાણી - કાગળને બચાવીશ.

(૨૦) ટાઇમપાસ - ટોળટપ્પાં છોડી ક્રિએટીવ કામ કરીશ.

અહીં લખેલાં ઑલ ટાઇપ ફૅવરીટ કામો સૌને કરવાં ગમતાં હોય છે અથવા જરૂરી હોય છે, નવાં વરસમાં મસ્ત મજાનો સંકલ્પ થાય છે અને શરૂ શરૂમાં એને અનુસરવાનો પ્રયત્ન થાય છે, સમય જતાં ઉત્સાહ મોળો પડતાં આ લીસ્ટ જૈસે થે રહી જાય છે અને જોત જોતામાં વર્ષ પસાર થતાં ફરી પાછા ચાલું વર્ષને ગુડબાય કહેવાય સુધી પહોંચાય છે... નવાં વર્ષનાં સ્વાગત વખતે ફરી સંકલ્પની વાતો યાદ આવે છે, લીસ્ટ ગમે તેટલું લાંબુ હોય એકાદ વસ્તુ પણ જો લીસ્ટમાંથી ઓછી કરી શક્યા તો સંકલ્પ સક્સૅસ જ સમજવો!!

ચૂંટલો :

જૂના વર્ષને બાય બાય ટાટા અને નવાં વર્ષને વૅલકમ કરતી વખતે વિતેલા વર્ષનાં લેખો જોખાં અને નવાં વર્ષનાં સંકલ્પ હંમેશાં કંઇક સુધરવાની, સારૂં કરવાની પ્રેરણા - ઉત્સાહ આપે છે, જો આપણી તૈયારી હોય તો...

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૨જી જાન્યુઆરી

● શિવાજીના ગુરૂ સમર્થ રામદાસની પૂણ્યતિથિ - ૧૬૮૧.

રંગી કવિ એકનાથના ભાણેજ, ભારતમાં સંત પરંપરાને જાળવી રાખી.

● **'એ બધાના નામ લઇ નથી થાવું ખરાબ,**
સારા-સારા માનવીઓએ સતાવ્યા છે મને,'

ગઝલ સાહિત્યનું અમર નામ - જનાબ બરકત વિરાણીની પૂણ્યતિથિ - ૧૯૯૪.

માનસર, ઘટા, પ્યાસ, પરબ જેવા ગઝલ સંગ્રહો આપ્યા, જીવનના સારા-માઠાં પ્રસંગોને મોકળે મને સ્વીકારી અનુભવની સચ્ચાઇ રજૂ કરી.

● ૧૯૯૨ - પૂનાની વિખ્યાત ફર્ગ્યુસન કોલેજની સ્થાપના થઇ.

● ૧૯૭૩ - ૩૧મી ભારત-પાક લડાઇમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર શામ હોરમસજી ફ્રામજી જમશેદજી માણેકશાને ફિલ્ડ માર્શલ પદ અપાયું.

● ૧૯૨૨ - ડૉ. હરગોવિંદ ખુરાનાનો જન્મ.

● ૧૯૫૨ - કવિ બ.ક. ઠાકોરની પૂણ્યતિથિ.

● કવિ પ્રહલાદ પારેખની પૂણ્યતિથિ - ૧૯૬૨.

● શાળા પુસ્તકોના લેખક પ્રીતમરાય દેસાઇની જન્મતિથિ.

● ૧૯૬૬ - ડૉ. વી. કુરિયન - પદ્મવિભૂષણથી સન્માનિત થયા.

ઇન્ટરનેટે આપણા રોજિંદા જીવનમાં પગપેસારો કરીને - 'આતુરતા', 'જિજ્ઞાસા', 'રોમાંચ', 'કુતૂહલ' - જેવા શબ્દોની બાદબાકી કરી નાખી છે

પારિજાત
- રેખા ભટ્ટ

''યે જુલ્ફ કૈસી હૈ,
ઝંઝીર જૈસી હૈ
વૉ કૈસી હોગી જિસકી
તસવીર ઐસી હૈ''.... (પિયા કા ઘર)

આ ઇન્ટરનેટે આપણા રોજિંદા જીવનમાં પગપેસરો કરીને - 'આતુરડા', 'જિજ્ઞાસા', 'રોમાંચ', 'કુતૂહલ' - જેવા શબ્દોની બાદબાકી કરી નાખી છે.

આ કેવું? કોઇ વાતની નવાઇ જ નહીં! કોઇ જાતનું સસ્પેન્શ જ નહીં? હવે સસ્પેન્સ ખાલી ''તલાશ'' ફિલ્મમાં જ! જીવવાની મઝા જાણે કે મારી નાખી!

ધારો કે, કોઇક છોકરા કે છોકરીની સગાઇ થવાની વાત ચાલે છે. એટલે પહેલાં તો દૂરના કોઇ સગાં તરફથી વાત આવી હોય, પછી તરત જ વાતાવરણમાં એકાએક ગરમી આવી જાય - કોણ છે? કેવી દેખાય છે? સ્વભાવ? મમ્મીનો - એનો - પૈસે ટકે કેવાં? કેટલાયે પ્રશ્નો આસપાસમાં પૂછાયા કરે. અને દરેક પાસે એક જ પ્રશ્નનો જુદો જ જવાબ હોય - કોઇ કહે મળતાવડાં છે તો કોઇ કહે - મિજાજી છે... ટૂંકમાં પોતાના અનુભવ મુજબ અભિપ્રાયો મળતા રહે. કંઇ કેટલાયે સમય પછી જે તે પાત્ર - પાસે વાત આવે એટલે એને કુતૂહલ થાય... પછી ફોટો, હોય તો મોકલવામાં આવે. અને કયારે મળવાનાં તે નક્કી થાય... આવી જાતજાતની પ્રક્રિયામાંથી પસાર થતાં થતાં છોકરા કે છોકરી સામેના પક્ષની કલ્પનામાં ગૂંછાયેલાં રહે. અને ઉપર મુજબના ગીતો ગાયા કરે.

રાહ જોવી એક મજા હતી. હવે કોઇ વાતની રાહ જ જોવાની નહીં!

સગાઇ માટે છોકરી વિષે જાણવું છે? કરો ક્લિક! દબાવો બટન! ...ફૅસબુક પર ફોટા સાથે બધ્ધી જ વિગત - શોખ શું? કયાં ભણે છે? શું ગમે છે? કેવી દેખાય છે? મિત્રો કોણ છે? ફેમીલીમાં કોણ કોણ છે? ગઇ દિવાળીમાં કયો ડ્રેસ પહેરીને કેવી રંગોળી પૂરી હતી? આ વીકએન્ડમાં કયાં જવાની છે....

ઘટનાઓ, બનાવો... માહિતી... માહિતી... માહિતી...

એક બીજા વિષે કંઇ જાણવા - જણાવવાની જરૂર જ નહીં અને ભોગે - જોગે મળવાનું થાય તો વાતનો વિષય જ ના રહે! કેમ કે, પૂછવાનું બાકી શું હોય તે પૂછે? અને ભલું હોય તો જયારે મળ્યાં હોય ત્યારે પણ કાં તો મોબાઇલમાં 'સ્ટેટ્સ' અપડેટ કરવામાં મચેલાં હોય!

એટલે હવે, આ બંનેની સગાઇની વાત 'જામી' કે નહીં એની આપણે રાહ નહીં જોવી પડે. 'ફોટા સાથે SMS' આવી જ ગયો. સમજો! તમે તમારે ઝૂલ્યા કરો નિરાંતે.' ઇન્ટરનેટ અને ઇન્સ્ટન્ટના જમાનામાં બધું તરત જ મળે છે ત્યારે એનો ચાર્મ નથી, આનંદ નથી, સ્વાદ નથી.

પહેલાં લગ્નની વાડી પાસેથી પસાર થતાં હોઇએને દાળ, શાખ, વાલની સરસ સુગંધ આવે. તરત જ વિચાર આવે કોના લગ્ન હશે? આપણને આમંત્રણ હશે કે કેમ? જમવા જવાનું મન થઇ જતું!

અત્યારે, ઍંશી વાનગીઓના ઢગલામાંથી શું ખાવું? હાથમાં ડીશ લઇને ફરતાં ફરતાં ભૂખ મરી જાય અને કંઇ પણ ખાધા વિના પાછા ફરી જવાનું મન થાય છે.

નવા કપડાં સીવડાવવાનો આનંદ પણ ઝૂંટવાઇ ગયો છે. દરજી સંચો મુકી જાય ઘરે એટલે મનમાં આશા બંધાય કે આ લગ્નગાળામાં તો નવાં - કોરાં - કપડાં પહેરવા મળશે. કેવો દરજી ને કેવી વાત! આવા તો એની પાસે બે-ત્રણ સંચા હોય - એટલે આવે ત્યારે ખરો! અને કોણે કીધું હાલ ના માપનાં કપડાં જ સીવશે? 'થોડાંક મોટાં સીવજે...' ની સૂચના હોય એટલે કેટલુંયે સેટિંગ કરો ત્યારે પહેલવા જેવા થાય... તોયે ખભ્ભેથી તો ઉતરી જ પડે... તોયે નવાં... તદ્દન નવાં કપડાં મળવાનો આનંદ તો થતો જ!

આવું તો દરેક વાતમાં! જૂતાં, દાગીના, બંગડી - બુટ્ટી - ચોપડીઓ - દફતર - નાસ્તો - પૈસા - સાઇકલ... કોઇ કહેતાં કોઇ વસ્તુ માગો ત્યારે તો ના જ મળે. અને મળે ત્યારે કેટલાયે કજિયા કર્યા પછી. કેટલોયે માર ખાઇને. તોયે કંઇ કેટલેયું નહિ મળતું. પણ જયારે મળે ત્યારે 'ઓચ્છવ' જેવું મનમાં થઇ જાય.

અત્યારે તો નાના બાળકોને પણ એટલું બધું મળે છે કે માન્યામાં ન આવે. ડેડીને કામ કરવા દે એટલે 'બૅબી'ને મોબાઇલ આપી રાખ્યો હોય - હલ્લો! હલ્લો! બોલવા માટે.

મમ્મીને ટી.વી સિરિયલ જોવામાં વિક્ષેપ ન પડે એટલે બાબા પાસે પોતાની અલગ વિડીયોગેમ હોય - જાત જાતની સી.ડી. પણ હોય. ગેમ્સની - કાર્ટૂનની.

એ બધું જવા દો! પોતાના ઘરે પગલીનો પાડનાર આવી રહ્યું છે તે બાબો હશે કે બેબી? એમાં પણ રહસ્ય નહીં! કેમ, સોનોગ્રાફી કરાવી લો?

(અનુસંધાન પાના નં. ૬ પર)